


# (C - 67)

# પ્રભુ દર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં

(રાગ : આવો! આવો! સીમંધર જિનરાજજી રે!)

આવો! પધારો! ભાવીના જિનરાજજી રે! (૨)
પ્રભુ દર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં.

પૂજો! પૂજો! ભાવીના ભગવંતને રે! (૨)
મણિરત્ને વધાવો જિનવરદેવને.

જિનજી મારા ભાવીના ભગવંત છે રે! (૨)
વિશ્વ દિવાકર તારણહારા દેવ છે....આવો૦

શિવસુખદાયક મંગળકારી દેવ છો રે! (૨)
પ્રભુચરણોથી મંગળતા પ્રસરી રહી.

ભાવીના ભગવંત પધાર્યા આંગણે રે! (૨)
ઈન્દ્ર-નરેન્દ્રો જિનચરણો પૂજી રહ્યા;
—જિનવરગીતો સુરલોકે ગાજી રહ્યાં....આવો૦

જિનજી મારા, દિવ્ય ધ્વનિ વરસાવજો રે! (૨)
અમ સેવકનાં અંતરિયા તલસી રહ્યાં.

પ્રભુજી મારા, અનંત ગુણે બિરાજતા રે! (૨)
આનંદ પૂરણ, જ્ઞાન પૂરણ ઊછળી રહ્યાં.....આવો૦

જિનજી મારા, કૃતકૃત્ય પરમેશ્વરા રે! (૨)
પૂર્ણ પ્રભુતા, ઉપશમરસ વરસી રહ્યાં.

જિનજી મારા રત્નચિંતામણિ દેવ છો રે! (૨)
કલ્પતરુ મનવાંછિત ફળદાતાર છો....આવો૦

અગણિત નેત્રે નિરખું જિનવરદેવને રે! (૨)
તૃપ્તિ ન થાયે, ઉર અનહદ ઉલસી રહ્યાં....આવો૦

અનંત ગુણના નાથ પધાર્યા મંદિરે રે! (૨)
અનંત મહિમાવંત પ્રભુ અમ આંગણે.

અનંતકાળે જિનદર્શન બહુ દોહ્યલા રે! (૨)
મહાભાગ્યેથી પ્રભુજી પધાર્યા આંગણે....આવો૦

સ્વર્ણપુરે સીમંધરનાથ બિરાજતા રે! (૨)
આજ થયાં શુભ પગલાં ભાવિ જિણંદના;
—આજ થયાં પાદાર્પણ જિનવરવૃંદના;
–પ્રભુકૃપામૃતમેઘ અહો! વરસી રહ્યા....આવો૦

ગુરુવચનામૃત-રત્ન જડ્યાં મુજ મંદિરે રે! (૨)
જેના તેજે દર્શન જ્ઞાયકદેવનાં.

ગુરુજી મારા! સુવર્ણપુરે પધારજો રે! (૨)
દર્શન દેજો, ચૈતન્યરસ વરસાવજો.

આવો! પધારો! ભાવીના જિનરાજજી રે! (૨)
જિનવરવૃંદ પધારો મારે આંગણે;
નિત્ય બિરાજો દેવ-ગુરુ મન મંદિરે...આવો૦